ભાજપમાં જોડાતા જ રાઘવ ચઢ્ઢાએ ઈન્સ્ટાગ્રામ પર 10 લાખ ફોલોઅર્સ ગુમાવ્યા

નવી દિલ્હી, તા. 25: રાઘવ ચઢ્ઢાએ આમ આદમી પાર્ટી (આપ) છોડીને ભાજપમાં જોડાઈને રાષ્ટ્રીય રાજધાનીમાં રાજકીય હલચલ મચાવ્યાના એક દિવસ બાદ તેમની લોકપ્રિયતાને ફટકો પડ્યો હોય તેવું લાગે છે.

ચઢ્ઢા પોતાની સાથે આપના છ રાજ્યસભા સાંસદોને પણ ભાજપમાં લઈ ગયા, જેના કારણે અરવિંદ કેજરીવાલની આગેવાની હેઠળની પાર્ટી પોતાના સાથીઓને સાચવી રાખવા માટે મથામણ કરી રહી છે. ચઢ્ઢાનું ભાજપમાં જવું ઘણા સમયથી અપેક્ષિત હતું, ખાસ કરીને અઠવાડિયા પહેલા જ્યારે તેમને રાજ્યસભામાં આપના ડેપ્યુટી લીડર તરીકે હટાવવામાં આવ્યા હતા, પરંતુ તેમનો આ નિર્ણય 'જેન ઝી'ને પ્રભાવિત કરી શક્યો હોય તેવું લાગતું નથી.

આજના ડિજિટલ યુગમાં સોશિયલ મીડિયા ફોલોઅર્સને ઘણીવાર વ્યક્તિની લોકપ્રિયતા માપવાના માપદંડ તરીકે જોવામાં આવે છે. મળતી વિગતો મુજબ, ભાજપમાં જોડાયાના 24 કલાકથી ઓછા સમયમાં ચઢ્ઢાએ ઈન્સ્ટાગ્રામ પર અંદાજે 10 લાખ (એક મિલિયન) ફોલોઅર્સ ગુમાવ્યા છે. શુક્રવારે, 37 વર્ષીય રાજ્યસભા સાંસદના 1.46 કરોડ (14.6 મિલિયન) ફોલોઅર્સ હતા. શનિવારે બપોરે 1 વાગ્યા સુધીમાં તેમના ફોલોઅર્સની સંખ્યા ઘટીને 1.35 કરોડ (13.5 મિલિયન) થઈ ગઈ હતી.

દિલ્હી-દેહરાદૂન હાઈવેની વચ્ચે ઉભેલું ભારતનું નેઈલ હાઉસ

નવી દિલ્હી, તા. ૨૫: વર્ષ 2025માં, ચીનના એક જમીનમાલિક યે યુશુએ પૂર્વી ચીનના જિયાંગસી પ્રાંતના જિનક્સી કાઉન્ટીમાં G206 હાઈવેના નિર્માણ માટે સરકારને પોતાની મિલકત સોંપવાની ના પાડી દીધી હતી. હાઈવેનું કામ તો પૂર્ણ થઈ ગયું, પરંતુ તેમનું ઘર બરાબર તેની અસલ જગ્યાએ જ રહ્યું. સત્તાવાળાઓએ પ્રોજેક્ટનો માર્ગ બદલવો પડ્યો અને રસ્તો ડાયવર્ટ કરીને ઘરની આસપાસ હાઈવે બનાવવો પડ્યો. પાછળથી આ માળખું નેઈલ હાઉસ(ખીલા જેવું ઘર) તરીકે ઓળખાયું. ચીનમાંથી નોંધાયેલી નેઈલ હાઉસની આ સૌથી તાજેતરની ઘટના હતી. ચીની સરકારને પોતાની જમીન સોંપવાનો ઈનકાર કરતા જમીનમાલિકોના આવા અનેક કિસ્સાઓ અગાઉ પણ સામે આવ્યા છે.

હવે, ભારતમાં પણ નેઈલ હાઉસ જેવી જ મક્કમતાનો કિસ્સો સામે આવ્યો છે. ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદના માંડોલા ગામમાં એક ઘર દિલ્હી-દેહરાદૂન એક્સપ્રેસ-વેના મહત્વના ભાગમાં અવરોધ ઊભો કરવા બદલ ચર્ચામાં આવ્યું છે. 14 એપ્રિલના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કર્યું હતું, પરંતુ આ 213 કિલોમીટર લાંબા માર્ગ પર "સ્વાભિમાન" નામનું એક ઘર સર્વિસ રોડની બરાબર વચ્ચે હજી પણ ઊભું છે.

ટ્રમ્પનો ચીન પર મોટો પ્રહાર: ઈરાની તેલના વેપાર બદલ 40 શિપિંગ કંપનીઓ પર પ્રતિબંધ

આ પ્રતિબંધ લગાવીને ઈરાનને આર્થિક રીતે વધુ નબળું પાડવાનો અમેરિકાનો ઉદ્દેશ્ય

નવી દિલ્હી, તા. 25: મિડલ ઈસ્ટ સંકટ વચ્ચે ટ્રમ્પે ચીન પર એક મોટો પ્રહાર કર્યો છે. ટ્રમ્પ પ્રશાસને ચીન સ્થિત એક અગ્રણી ઓઈલ રિફાઈનરી અને ઈરાની તેલના ટ્રાન્સપોર્ટમાં સામેલ લગભગ 40 શિપિંગ કંપનીઓ તથા ટેન્કરો પર આર્થિક પ્રતિબંધ લગાવી દીધો છે. અમેરિકાના આ પગલાની ચીને ટીકા કરી છે. ખાસ વાત એ છે કે, આ પ્રતિબંધો અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને ચીનના શી જિનપિંગની ચીનમાં થનારી મુલાકાતના માત્ર થોડાં અઠવાડિયાં પહેલાં જ લગાવવામાં આવ્યા છે.

શુક્રવારે લગાવવામાં આવેલા પ્રતિબંધોમાં બંદર શહેર ડાલિયાનમાં સ્થિત હેંગલી પેટ્રોકેમિકલનું એક યુનિટ પણ સામેલ છે. આ યુનિટની કાચા તેલને પ્રોસેસ કરવાની ક્ષમતા લગભગ 4,00,000 બેરલ પ્રતિ દિવસ છે, જે તેને ચીનની સૌથી મોટી સ્વતંત્ર રિફાઈનરીઓમાંથી એક બનાવે છે.

અમેરિકાએ આ પ્રતિબંધ એટલા માટે લગાવ્યો છે જેથી તે ઈરાનને આર્થિક રીતે વધુ નબળું પાડી શકે અને તેની કમાણીના મુખ્ય સ્ત્રોતને રોકી શકે. શુક્રવારે જાહેર કરાયેલા આ પગલાનો હેતુ તે મોટા 'શેડો નેટવર્ક'ને નિશાન બનાવવાનો છે, જેનો ઉપયોગ વોશિંગ્ટનના જણાવ્યા અનુસાર, ઈરાની કાચા તેલને દુનિયાભરના માર્કેટ સુધી પહોંચાડવા માટે કરવામાં આવે છે.

ચીને આ પગલાની ટીકા કરતાં કહ્યું કે અમેરિકા પ્રતિબંધોને એક રાજકીય હથિયાર તરીકે ઉપયોગ કરવાનું બંધ કરે. વોશિંગ્ટન સ્થિત તેના દૂતાવાસે કહ્યું કે, સામાન્ય વેપારમાં અવરોધ ન આવવો જોઈએ અને અમેરિકા પર એકતરફી પ્રતિબંધોનો 'ગલત ઉપયોગ' કરવાનો આરોપ લગાવ્યો હતો.

માલીમાં રાજધાની તથા અન્ય શહેરોમાં સંકલિત ત્રાસવાદી હુમલા

ત્રાસવાદીઓએ રાજધાની બામાકો તથા અન્ય શહેરોમાં હુમલાઓ કર્યા

લશ્કરે હુમલાખોરો વિરુદ્ધ ઓપરેશન શરૂ કર્યું, સોશ્યલ મીડિયા પર તસવીરોમાં રસ્તાઓ પર મૃતદેહો જોવા મળ્યા

હુમલાની જવાબદારી ઉત્તરીય માલીના અલગતાવાદી જૂથે સ્વીકારી

બામાકો (માલી), તા. ૨૫(એપી): માલીની રાજધાની અને અન્ય શહેરોમાં શનિવારે વહેલી સવારે હથિયારધારી હુમલાખોરોએ અનેક સ્થળોએ હુમલો કર્યો હતો, જે સંભવિત રીતે એક સુનિયોજિત હુમલો હોવાનું રહેવાસીઓ અને સત્તાવાળાઓએ જણાવ્યું હતું.

માલીની સેનાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, અજ્ઞાત સશસ્ત્ર આતંકવાદી જૂથોએ રાજધાનીમાં ચોક્કસ સ્થળો અને બેરેકોને નિશાન બનાવ્યા હતા. સેનાએ વધુમાં ઉમેર્યું હતું કે સૈનિકો હાલમાં હુમલાખોરોને ખતમ કરવામાં લાગેલા છે. માલી લાંબા સમયથી અલ-કાયદા અને ઈસ્લામિક સ્ટેટ જૂથ સાથે જોડાયેલા સંગઠનોના વિદ્રોહ તેમજ ઉત્તરમાં અલગતાવાદી બળવા સામે ઝઝૂમી રહ્યું છે. બામાકોમાં હાજર એસોસિએટેડ પ્રેસ (AP)ના પત્રકારે શહેરના કેન્દ્રથી લગભગ ૧૫ કિલોમીટર (૯ માઈલ) દૂર આવેલા મોડિબો કીટા ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી ભારે હથિયારો અને ઓટોમેટિક રાઈફલના અવાજો સાંભળ્યા હતા અને નજીકના વિસ્તારોમાં હેલિકોપ્ટર ઉડતા જોયા હતા. આ એરપોર્ટ માલીના વાયુસેનાના બેઝની બાજુમાં જ આવેલું છે. એરપોર્ટ નજીક રહેતા એક રહેવાસીએ પણ ગોળીબાર અને માથા પર ત્રણ હેલિકોપ્ટર પેટ્રોલિંગ કરતા હોવાનું જણાવ્યું હતું. માલીના અન્ય શહેરોના રહેવાસીઓએ પણ શનિવારે સવારે ગોળીબાર અને વિસ્ફોટોની જાણ કરી હતી, જે સશસ્ત્ર જૂથો દ્વારા સંભવિત સુનિયોજિત હુમલાનો સંકેત આપે છે. સોશિયલ મીડિયા પરના વીડિયોમાં ઉગ્રવાદીઓના કાફલા ટ્રકો અને મોટરસાયકલ પર શહેરના નિર્જન રસ્તાઓ પરથી પસાર થતા જોવા મળ્યા હતા, જ્યારે રહેવાસીઓ ભયભીત નજરે જોઈ રહ્યા હતા. ઉત્તરના કિદાલ અને ગાઓ શહેરોના અન્ય વીડિયોમાં શેરીઓમાં ગોળીબારની આપ-લે અને જમીન પર પડેલા મૃતદેહો જોવા મળ્યા હતા.

ઋણ સ્વીકાર

અમારા વ્હાલા પુત્ર-પતિ **સ્વ. વત્સલના** જવાથી અમારો પરિવાર અસહ્ય આઘાત અને દુઃખમાંથી પસાર થઈ રહ્યો હતો તે સમયે રૂબરૂ, પ્રાર્થના સભા અને પત્ર દ્વારા શાંતિ બનાવી ભલી લાગણી માટે સર્વનો હૃદયસ્થ આભાર.

દિનકર સી. નાયક
નેહા વત્સલ નાયક - પરિવાર

:: વેચાણ અંગેની જાહેર નોટીસ ::

મોજેઃ સક્કરપોર, તા. અંકલેશ્વર, જિ. ભરૂચ

બ્લોક નં.	૭/૧૨ મુજબ ક્ષેત્રફળ હે-આરે	આકાર રૂા. પૈસા	ખાતા નંબર
૧૯૮	હે.આરે. ૧-૫૩-૦૦ ચો.મી.	૨૩.૯૪	૨૪૨

ભરૂચ જીલ્લાના અંકલેશ્વર તાલુકાના મોજે ગામ સક્કરપોરની ઉપરોક્ત વિગતેની ખેતીની જમીન સુરજબેન, હરીસંગ, ભરતસિંહ, ગીતાબેન, અજીતસિંહ રણજીતસિંહ ડોડીયા, પ્રવીણસિંહ રણજીતસિંહ ડોડીયા, વરાછીયા ધ્રુવરાજસિંહ નરેન્દ્રસિંહ તથા વરાછીયા સ્નેહાબેન નરેન્દ્રસિંહ નાઓએ તેમની માલીકીની પ્રત્યક્ષ કબજા ભોગવટાની, નકરજી, નબોજી તથા ચોખ્ખા માર્કેટેબિલ ટાઈટલ વાળી ચાલી આવેલ હોવાનું જણાવી તમામ બોજાઓથી મુક્ત મારા અસીલને વેચાણ આપવા નક્કી કરેલ છે.

ઉપરોક્ત વિગતેની મિલકત અંગેના માલીકી ટાઈટલ, રાઈટ્સ, ઈન્ટરેસ્ટ, વેચાણ, કબજા, પરત્વે કોઇને કોઇપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, લાગભાગ, દરદાવો, વારસાઈ હક્ક કે ભરણપોષણના હક્ક કે કોઈ લેણું કરજ ગીરો, કબજા હક્કો, સોદા ચિઠ્ઠી, સાટાખત બોજો કે જામીનગીરી હોય કે અન્ય કોઈના કોઇપણ પ્રકારના હક્ક અધિકાર હોય, તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિવસ-૭ (સાત) માં લેખીત આધાર પુરાવા સાથે નીચેના સરનામે રજુઆત કરવી. મુદત વિત્યે કોઇપણ વ્યક્તિને કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, વાંધો, તકરાર નથી અથવા હોય તો જતો (WAIVE) કરેલ છે તેમ માની મારા અસીલ વેચાણ વ્યવહાર પુર્ણ કરી મજકુર મિલકતનો પ્રત્યક્ષ કબજો સંભાળી લેશે. ત્યારબાદ કોઇના હક્ક, દાવા મારા અસીલને શુધ્ધ બુધ્ધિના ખરીદનાર તરીકે બંધનકર્તા રહેશે નહી. જેની આથી લાગતા-વળગતા સર્વેએ નોંધ લેવી

તા. ૨૫-૦૪-૨૦૨૬

ઓફીસ : ૨૬૧, રાજ ઈમ્પેરીયા, વ્રજ ચોક, સરથાણા, સુરત સીટી, સુરત. મો. ૯૭૨૬૦-૩૯૫૫૯.

મારી મારફત
અજયકુમાર ડી. કાકડીયા
એડવોકેટ

ટાઈટલ ક્લિયર અંગેની જાહેર નોટિસ

આથી આ જાહેર ચેતવણી આપી જણાવવાનું કે શહેર સુરત, ઓલપાડ તાલુકાના મોજે ગામ વડોલીમાં આવેલ બ્લોક નંબરઃ ૫૨૬/બ, સર્વે નં.: ૪૨૦ તથા ૪૪૦, જેનું ક્ષેત્રફળ હે.આરે ૧-૦૯-૨૭ ચો.મી યાને ૧૦૯૨૭ ચો.મી., આકાર રૂપિયા.:૧૧.૨૯, સત્તા પ્રકારઃ બિનખેતીની ચાલી આવેલ જમીન હમો નીચે સહી કરનાર નિમાબેન ઉત્તમભાઈના વારસાઈ હક્કે સ્વતંત્ર નામે ચાલી આવેલ છે. આમ અમો ઉપરોક્ત નામો સિવાય અન્ય કોઈ વ્યક્તિ નો હક્ક હિત હિસ્સો નથી કે ચાલી આવેલ નથી, સદરહુ મિલકત ઉપર અમો ઉપરોક્ત નામોના ઓ સીવાય જો અન્ય કોઈપણ વ્યક્તિ, બેંક કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક-હિત, અધિકાર, હિતસંબંધ હોય કે કોઈનો આજીવન રેહવાનો, ઈઝમેન્ટનો વિગેરે હક્ક હોય તો તેઓએ આ નોટીસ પ્રસિદ્ધ થયાની તારીખથી દિન ૭ (સાત)માં સાચા અને ખરા પુરાવા સાથે અમોને જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થશે તો આ નોટીસની મુદ્દત વીત્યે, સદરહુ મિલકતમાં કોઈપણ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારે લાગ-ભાગ, હક્ક-હિત હિસ્સો કે અધિકાર નથી કે કોઈનો આજીવન રેહવાનો, ઈઝમેન્ટ કે વિગેરે હક્ક નથી અને હોય તો તે જતો કર્યો છે યાને છોડી દીધો છે તેમ માની લેવામાં આવશે. વધુમાં ખોટા અને બનાવટી પુરાવા સાથે જો કોઈ પણ વાંધા વચકા કે કોઈ પણ જાતની અમારી મિલકત અંગે જાહેર નોટિસ આપવાનું કોઈપણ જાતનું અપકૃત્ય કરવામાં આવશેતો અમો દ્વારા કે તેમના કુલમુખત્યાર દ્વારા કાયદેસરના પગલાં સાથે પોલીસ ફરિયાદ કરવામાં આવશે તેમજ દાવાદુવીના પ્રકરણમાં સંડોવવુ પડશે અને અમારી મુદ્દત વીત્યે રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરી કરાવી આપશે. જેની પણ અચૂક નોંધ લેશો તથા લાગતા વળગતા તમામે તથા જાહેર જનતાએ નોંધ લેવી.

તા. ૨૫-૪-૨૦૨૬

N. U. Prajapati
નિમાબેન ઉત્તમભાઈ

મોજે ગામ પિંજરતના બ્લોક નંબર ૨૫૯, ૩૪૯/અ, ૩૪૯/બ તથા ૪૫૦ વાળી ખેતીની જમીનો બાબત જાહેર નોટીશ / ચેતવણી

આથી જાહેર જનતાને જાહેર નોટીશ/ચેતવણી આપી જણાવવાનું કે સુરત ડીસ્ટ્રીકટ ઓલપાડ સબ ડીસ્ટ્રીકટનાં **મોજે ગામ પિંજરત**ના રે.સર્વે નં. ૧૦૦/૧, જેનો **બ્લોક નં. ૨૫૯** વાળી બીન ખેતીને પ્રિમીયમ પાત્ર સુમારે ૦-૭૨-૮૪ હે.આરે.ચો.મી. વાળી તથા રે.સર્વે નં. ૧૧૯/૧ પૈકી, જેનો **બ્લોક નંબર ૩૪૯-અ** વાળી જુની શરત સુમારે ૦-૭૩-૮૬ હે.આરે.ચો.મી. તથા રે.સર્વે નં. ૧૧૮/૨, ૧૧૯/૧ પૈકી, જેનો **બ્લોક નંબર ૩૪૯-બ** વાળી બીન ખેતી પ્રિમીયમ પાત્ર સુમારે ૧-૧૪-૩૨ હે.આરે.ચો.મી વાળી તથા રે.સર્વે નં. ૧૬૯, જેનો **બ્લોક નં. ૪૫૦** વાળી બીન ખેતી પ્રિમીયમ પાત્ર સુમારે ૨-૧૩-૪૭ હે.આરે.ચો.મી. વાળી ખેતીની **જમીનોના મુળ માલિક રણછોડભાઈ ગોપાળભાઈ પટેલ** હતા. તેઓએ રે.સર્વે નં. ૧૦૦/૧, જેનો **બ્લોક નં. ૨૫૯** વાળી ખેતીની જમીન તા. ૦૬/૦૮/૧૯૮૦ ના રોજ વેચાણ કરારથી હમારા અસીલોના **મરહૂમ પિતા બાબરભાઈ નાનુભાઈ પટેલ**ને તમામ ટાઈટલ કલીયર કરી આપ્યેથી વેચાણ દસ્તાવેજ કરી આપવાની શરતે વેચાણ આપેલ છે તથા રે.સર્વે નં. ૧૧૯/૧ પૈકી તથા ૧૧૮/૨, ૧૧૯/૧ પૈકી જેનો **બ્લોક નં. ૩૪૯-અ** જુની શરતની તથા ૩૪૯-બ વાળી બીન ખેતીને પ્રિમીયમ પાત્ર જુની શરતની જમીન હમારા અસીલના **મરહૂમ પિતા અંબારામભાઈ દયાળભાઈ પટેલ**ને તા. ૨૨/૦૩/૧૯૬૫ તથા તા. ૦૮/૦૯/૧૯૬૫ ના વેચાણ કરારથી વેચાણ આપેલ છે તથા રે.સર્વે નં. ૧૬૯, જેનો **બ્લોક નં. ૪૫૦** વાળી બીન ખેતીને પ્રિમીયમ પાત્ર જુની શરતની જમીન હમારા અસીલોના **મર્હૂમ પિતા દુલ્લભભાઈ ડાહ્યાભાઈ પટેલ તથા મહાદેવભાઈ લાલાભાઈ પટેલ**ને તા. ૦૫/૦૩/૧૯૬૮ ના રોજ ટાઈટલ ચોખ્ખા કરી પાકો વેચાણ દસ્તાવેજ કરી આપવાની શરતે વેચાણ આપેલ છે, ત્યારથી મજકુર ખેતીની જમીનોનો કબજો-ભોગવટો, પાક એકધારો આજદિન સુધી હમારા અસીલોના મર્હૂમ પિતા તથા હમારા અસીલોનો ચાલી આવેલ છે. ઉપરોકત ખેતીની જમીનોનું હમારા અસીલોએ પ્રિમીયમ ભરી જુની શરત કરાવેલ છે અને ખેતી કરી ઉપજ લેતા આવેલા છે. તેમ છતાં **મર્હૂમ રણછોડભાઈ ગોપાળભાઈ પટેલના વારસોએ** રે.સર્વે નં. ૧૬૯, જેનો બ્લોક નં. ૪૫૦ વાળી બીન ખેતીને પ્રિમીયમ પાત્ર જમીન **પ્રદિપભાઈ ડાહ્યાભાઈ પટેલ**ને ખોટી ગેરકાયદેસર રીતે વેચાણ દસ્તાવેજ નંબર ૧૪૧૧, તા. ૨૭/૦૧/૨૦૨૫ ના રોજ કરી આપેલ. જેથી હમારા અસીલોએ નામદાર ઓલપાડની સીવીલ કોર્ટમાં સ્પેશીફીક પરફોમન્સનો તથા **જાથુકની મનાઈનો તથા ગેરકાયદેસર કરવામાં આવેલ વેચાણ દસ્તાવેજ નંબર ૧૪૧૧, તા. ૨૭/૦૧/૨૦૨૫ નો રદ બાતલ કરાવવા માટેનો સ્પે.દિ.મુ. નંબર ૭/૨૦૨૫ નો દાવો દાખલ કરેલ છે** તેમ છતાં મરહુમ રણછોડભાઈ ગોપાળભાઈના વારસોએ ગેરકાયદેસર ખેતીની જમીનો વેચાણ કરવા કોશિશો કરતા હમારા અસીલોએ વેચાણ કરારનો અમલ કરાવવા માટે સ્પેશીફીક પરફોમન્સનો તથા જાહેરાતનો તથા **જાથુકની મનાઈ માટેનો રે.દી.મુ. નંબર ૫૬/૨૦૨૫ નો તથા રે.દી.મુ. નંબર ૫૫/૨૦૨૫ નો દાવાઓ દાખલ કરેલ છે** જે ઉપરોકત ત્રણેય દાવામાં મનાઈ હુકમની દાદ ગુજારેલ છે તથા કોર્ટ કમિશન કરાવી કબજો પાક હમારા અસીલોનો પુરવાર કરેલ છે તેમ છતાં મર્હૂમ રણછોડભાઈ ગોપાળભાઈના વારસો હમારા અસીલોનો માલિકી, કબજા હક્ક ડુબાડવા જમીનો વેચાણ-ટ્રાન્સફર કરવા ફરી રહેલા છે. જે સંજોગોમાં આ નોટીસ/ચેતવણી થકી જણાવવાનું કે ઉપરોકત ખેતીની જમીનો બાબતે કોઈએ કોઈપણ જાતનો વેચાણનો કે અન્ય વ્યવહારો કરવા કરાવવા નહીં જો કોઈ પણ જાતના વેચાણના કે અન્ય વ્યવહારો કરશે તો તેઓને તકરાર સિવાય કાંઈ પ્રાપ્ત થશે નહીં, તેવા ઈસમો સામે કાયદેસરની ફોજદારી તથા સીવીલ રાહે પગલા ભરવામાં આવશે. જેની જાહેર જનતાએ નોંધ લેવી. (તા. ૨૬/૦૪/૨૦૨૬)

પી. આર. પટેલ તથા નિધિ એસ. પટેલ

ઓફિસઃ ૬, મંગલદાસ શોપિંગ સેન્ટર, જલારામ સોસાયટીની સામે, પાલનપુર પાટીયા, રાંદેર રોડ, સુરતના. મો. ૯૯૨૫૧ ૮૦૧૮૦

તે મર્હુમ બાબરભાઈ નાનુભાઈ પટેલના વારસો મર્હુમ અંબારામભાઈ દયાળભાઈ પટેલ, મર્હુમ દુલ્લભભાઈ ડાહ્યાભાઈ પટેલ, મર્હુમ મહાદેવભાઈ લાલાભાઈ પટેલના વારસોના એડવોકેટ્સ

જાહેર નોટીસ

મોજેઃ પરુજણ, તા. જલાલપોર, જી. નવસારી ખાતા નં. ૧૨૮ બ્લોક નં. (જુનો) ૪૨ (નવો) ૪૩, જેનું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૦-૧૫-૫૨, આકાર રૂા. ૨.૪૫ પૈસા ખેતીની જમીનના માલીક **(૧) મુકુંદરાય દિનકરરાય (૨) વિલાસબેન મુકુંદરાય (૩) તેજશ મુકુંદરાય (૪) જયમીન મુકુંદરાય (૫) ઉર્વી તે તેજશ મુકુંદરાય દેસાઈની પત્ની (૬) સગીર ગીત તેજસ દેસાઈ સ.વા. તેજસ મુકુંદરાય દેસાઈ** નાએ તેઓની સંયુક્ત માલીકીની તથા પ્રત્યક્ષ કબજા ભોગવટાની ચાલી આવેલ હોવાનું જણાવી હમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે, જેથી ઉપરોક્ત જમીનમાં અન્ય કોઈના કાંઈપણ પ્રકારના લાગભાગ, દરદાવો, હકક, હિસ્સો, હિત, સબંધ, ગણોત હકક, દરમેલ હકકક, ખાધાખોરાકી યા લીયનનાં હકકો યા ઈઝમેન્ટનાં હકકો યા બેંક, મંડળી, સંસ્થા, રાજ્ય સરકારનાં કોઈપણ ખાતા વિગેરેના બોજા, ચાર્જ, લેણું હોય યા વેચાણ વિરૂદ્ધ વાંધો હોય તો તેમણે આધારભૂત લેખીત પુરાવા સહિત આ નોટીશ પ્રસિધ્ધિથી દિન-૭ માં હમોને લેખીતમાં જાણ કરવી. જો મજકુ મુદ્દતમાં તેવા કોઈ હકક, વાંધા રજુ થશે નહીં તો કોઈના હકક દાવા વિગેરે નથી અને હોય તો તે છોડી દીધા છ યાને વેવ કર્યા છે તેવું માની હમારા અસીલ સદરહું જમીનનો કાયદેસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ, ભવિષ્યમાં મિલકતનાં ટાઈટલ અંગે કોઈની કાંઈપણ તર-તકરાર તથા વાંધા-વચકા ચાલશે નહીં. જેની આથી જાહેર જનતાને ગંભીર નોંધ લેવી.

હમારી સુચનાથી,

તા. ૨૫-૦૪-૨૦૨૬ **અજય જી. પટેલ** (એડવોકેટ)
કણબી વાડ, મુ.પો. અબ્રામા, તા. જલાલપોર, જી. નવસારી. મોઃ ૯૮૨૫૫ ૩૯૪૫૪

જાહેર નોટીસ

સુરત ડીસ્ટ્રીક્ટ, ચોર્યાસી સબ-ડીસ્ટ્રીક્ટ શહેર સુરતના મોજે ભટારના રે સર્વે નં. ૭૧ તથા ૮૨, ડ્રાફટ ટી.પી. સ્કીમ નં. ૨૭ (ભટાર-મજુરા) ના ફાઈનલ પ્લોટ નં. ૧૦૧ વાળી જમીનમાં પાડવામાં આવેલા પ્લોટો પૈકી પ્લોટ નંબર ૭-બી વાળી ૧૫૧૬.૩૭ સ.ચો.મી. ક્ષેત્રફળની જમીન ઉપર બાંધવામાં આવેલ "પોદાર એવન્યુ", ટાવર સી ના નામથી ઓળખાતી ઈમારતના બીજા માળ પર આવેલ ફ્લેટ નં. ૨/બી જેનું સુમારે ક્ષેત્રફળ ૨૨૪.૯૫ ચો.મી. કાર્પેટ તથા વેરાબીલ મુજબ વપરાશનું ક્ષેત્રફળ ૨૬૮.૮૫ ચો.મી. વાળી મિલકત તથા તળની જમીનમાં ફાળે પડતા પ્રમાણસર અવિભાજ્ય હિસ્સાની ૬૮.૯૨ ચો.મી. સહિતની મિલકત તથા તે માહેના તથા બહારના તમામ હકકો સાથે દરોબસ્ત મિલકત રીટાદેવી રમેશકુમાર અગ્રવાલ એ તા. ૨૮/૧૨/૨૦૦૬ ના રોજ દસ્તાવેજ નં. ૫૦૯, તા. ૦૬/૦૧/૨૦૦૭ થી ખરીદ કરેલ છે. જેની અસલ આર.આર. હાલમાં મળતી ના હોવાથી તેમજ મજકુર ફલેટ અમારા અસીલ ખરીદ કરવા માંગતા હોય હાલની આ નોટીશ આપેલ છે. તેમજ મજકુર મિલકતમાં કોઈ વ્યક્તિ, સંસ્થા બેંક કે સરકારી કે અર્ધસરકારી કચેરી, સહીત અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો તર-તકરાર હોય તો દિન-૭ માં પુરાવા સહિત જાણ કરવી. મુદત વિત્યે કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહી જેની લાગતા વળગતાએ નોંધ લેવી.

તા. ૨૬/૦૪/૨૦૨૬, સુરત

ઓફિસ : ૧૯, સીમા રો-હાઉસ, જોગર્સ પાર્કની સામે, ઘોડદોડ રોડ, સુરત. ફોન નં. ૯૮૨૫૧-૩૮૯૪૦

અરૂણ એલ. લાહોટી (એડવોકેટ)

મોજે ગામ સરોલી, તા.ઓલપાડ, જી.સુરતના બ્લોક નં. ૧૩૭ વાળી ખેતીની જમીનના વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત ડિસ્ટ્રીકટ ઓલપાડ સુરત ડિસ્ટ્રીકટ તાલુકો ઓલપાડના **મોજે ગામ સરોલી**ના રે.સ.નં. ૫૯/૫, **બ્લોક નં.૧૩૭**, જેનો ખાતા નં.૪૫ વાળી જૂની શરતની ખેતીની જમીન જેનું ક્ષેત્રફળ ૦ હેકટર ૧૮ આરે ૨૧ ચો.મી. યાને ૧૮૨૧ ચો.મી જેનો આકાર ૩.૮૭ પૈસા છે તે જમીનના સંયુકત અને સંપૂર્ણ માલિક, મુખત્યાર, કબજેદાર, ભોગવટેદાર **(૧) રમેશભાઈ ચુનીલાલ, (૨) ગણપતભાઈ ચુનીલાલ, (૩) લલીતાબેન ચુનીલાલ, (૪) ચંચળબેન ચુનીલાલ, (૫) શશીકલાબેન ભગવાનભાઈ, (૬) સુવિધાબેન ભગવાનભાઈ, (૭) અનસુયાબેન તે મોતીરામ ચુનીલાલ પટેલની પુત્રી તે પ્રકાશભાઈની પત્ની, (૮) પ્રમોદભાઈ મોતીરામ પટેલ, (૯) અમિતાબેન તે બિપિનભાઈ મોતીરામ પટેલની વિધવા, (૧૦) જાગૃતિ બિપિનભાઈ પટેલ, (૧૧) યશકુમાર બિપિનભાઈ પટેલ (૧૨) હંસાબેન ભરતભાઈ પટેલ, (૧૩) દિનેશભાઈ છગનભાઈ પટેલ, (૧૪) કૈલાશબેન જયંતીભાઈ પટેલ તથા (૧૫) મહેશભાઈ છગનભાઈ પટેલ**નાઓની ચાલી આવેલી છે. તેઓએ મજકુર જમીનનાં ટાઈટલ ચોખ્ખા, માર્કેટેબલ અને બોજા મુકત હોવાનું જણાવી હમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. જેથી સદરહુ જમીન બાબતે કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, સંબંધ, દર-દાવો, કે તર-તકરાર કે કબજો હોય કે કોઈ સરકારી મંડળી કે સંસ્થાનો બોજો હોય કે કોઈ સંસ્થા કે વ્યકિતના હિત પોષાતા હોય તો તેમણે આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૭ માં લેખિત દસ્તાવેજી પુરાવા સહિત હમોને નીચે જણાવેલ સરનામે રૂબરૂ મળવું. જો તેમ કરવામાં કસુર યા ચુક થશે તો મુદત વિત્યેથી સદરહું જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, સંબંધ યા અધિકાર નથી અને હોય તો તે હમારા અસીલની તરફેણમાં જતા યાને વેવ કર્યા છે તેમ માની હમારા અસીલ મુદત વિત્યેથી સદરહું જમીનનાં વેચાણ અવેજની રકમ ચુકવી કાયદેસરનો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને તે અંગે પાછળથી કોઈના કોઈપણ પ્રકારનાં વાંધા, વિરોધ, અવરોધ કે તર-તકરાર ચાલશે નહીં અને જો કરશે તો તે આ જાહેર નોટીસથી રદ બાતલ ગણાશે. જેની જાહેર જનતાએ નોંધ લેવી. (તા. ૨૬/૦૪/૨૦૨૬)

ઓફિસઃ (મો.નં. ૯૮૨૪૧ ૮૧૩૩૨) **શાંતિલાલ આર. પટેલ**, ગીતા જી. ભગત, રવિ આર. શાહ, પ્રતિક જે. ગાંધી, તન્મય એસ. પટેલ, શશાંક એસ. પટેલ એડવોકેટ્સ

શાંતિલાલ આર. પટેલ
તે ખરીદનારનાં એડવોકેટ એન્ડ નોટરી
૧૭, પુનિત શોપીંગ સેન્ટર, રાંદેર રોડ, સુરત.

-:: ખેતીની જમીન વેચાણ અંગેની જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે **મોજે સિયાલજ, તા. માંગરોલ, જી. સુરત ખાતે આવેલ ખાતા નં. ૩૪૯, જુનો બ્લોક નં. ૩૦૫, નવો બ્લોક નં. ૩૩૯, સર્વે નં. ૩૧૬, જેનું કુલ ક્ષેત્રફળ હે.આરે. ૧-૪૧-૧૪ ચો.મી. જેનો આકાર ૭.૧૨ પૈસા વાળી જુની શરતની જમીન પૈકી હે.આરે. ૦-૭૦-૫૭ ચો.મી. વાળી પશ્ચિમ દિશાની જમીન (૧) ધર્મિષ્ઠાબેન તે ઈશ્વરભાઈ બેચરભાઈ આહીરની દિકરી અને મહેશભાઈ જગાભાઈ આહીરની પત્ની (૨) મનિષાબેન તે ઈશ્વરભાઈ બેચરભાઈ આહીરની દિકરી અને નરેશભાઈ ભગવાનભાઈ આહીરની પત્ની (૩) ભાવેશભાઈ ઈશ્વરભાઈ આહીર**ના સ્વતંત્ર/સંયુકત માલિકી અને કબજા ભોગવટામાં ચાલી આવેલ હોવાનું જણાવી મજકુર ખેતીની જમીન અમારા અસીલને વેચાણ આપવાનો ઈરાદો રાખે છે તેમજ ઉપરોકત ઈસમ પાસેથી અમારા અસીલ મજકુર ખેતીની જમીન વેચાણ રાખવાનો ઈરાદો ધરાવે છે અને મજકુર જમીન ખરીદ કરતા પહેલા અમારા અસીલ મજકુર જમીનના ટાઈટલ ચોખ્ખા અને માર્કેટેબલ છે કે નહીં તે બાબત નિશ્ચિત કરવા માંગે છે. તે સંજોગોમાં સદરહું જમીનમાં અન્ય જે કોઈ વ્યકિતને લાગભાગ, દરદાવો, હકક, હિસ્સો, હિત, સંબંધ યા લિયનના હકકો યા અન્ય કોઈ રસ્તા વપરાશના ઈઝમેન્ટના હકકો યા બેંક યા મંડળી, સંસ્થા વિગેરેના બોજામાં કે ચાર્જમાં હોય યા વેચાણ વિરૂદ્ધ કોઈને કોઈપણ પ્રકારનો વાંધો હોય તો તેમને લેખિત પુરાવા સહિત આ **નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન- ૭ (સાત)** માં મને નીચેના સરનામે લેખિતમાં જાણ કરવી. જો મજકુર મુદ્દતમાં તેવા કોઈ હકક વાંધા રજૂ થશે નહીં તો કોઈના હકક, દાવા વિગેરે નથી અને હોય તો તે છોડી દીધા યાને વેવ કર્યા છે. તેવું માની મારા અસીલ એમની તરફેણમાં સદર જમીનનો પાકો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ કોઈના કોઈપણ વાંધા વિરોધ કે તર-તકરાર ચાલશે નહીં જેની નોંધ લેશો. તા. ૨૬/૦૪/૨૦૨૬

સુરેન્દ્રસિંહ ચંદ્રસિંહ મહિડા તે ખરીદનારના એડવોકેટ એન્ડ નોટરી
ઓફિસ : ૨૪, સેન્ટર પોઈન્ટ, ઝંડાચોક, કોસંબા, તા. માંગરોળ, જી. સુરત. (મો.) : ૯૮૨૫૨ ૩૪૫૨૦

ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ અંગેની જાહેર નોટીસ

સુરત ડીસ્ટ્રીક્ટ, સબ-ડીસ્ટ્રીક્ટ હાલ **અબ્રામા** તાલુકાના મોજે ગામ : **ઉંમરા**ના બ્લોક નં.૧૩૩ વાળી સુમારે ૫૧૬૦ સ.ચો.મી., બ્લોક નં.૧૮૪-અ વાળી સુમારે ૨૫૨૯ સ.ચો.મી., બ્લોક નં.૧૮૪-બ વાળી સુમારે ૩૯૨૨૮ સ.ચો.મી. જમીનોનું એકત્રીકરણ બાદ બનેલ **નવો બ્લોક નં.૧૩૩ થી કુલ્લે સુમારે ૪૭૯૧૭ સ.ચો.મી.** ફાળવવામાં આવેલ રહેણાંકના હેતુ માટેની બિનખેતીની જમીન ઉપર **ઈશ્વરનગર કો.ઓપ. હાઉસીંગ સોસાયટી લિ.** (જેનો રજી. નં. નઘણ/એસ.આર.ટી./ઘ/૧૭૭૬૪/૨૦૧૫ તા.૨૨/૦૪/૨૦૧૫ છે) દ્વારા આયોજીત **"શુભશાંતિ રેસીડન્સી"** થી ઓળખાતી સોસાયટીનું આયોજન કરવામાં આવેલ તે સોસાયટીમાં આવેલ જુદાં જુદાં પ્લોટો પૈકી **પ્લોટ નં. ૨૬૮ થી ૨૮૬, ૨૮૯ થી ૨૯૮, ૩૦૦ થી ૩૦૩** તથા **૩૦૮ થી ૩૧૭ મળી કુલ્લે ૪૩ પ્લોટો** કે જે તમામ પ્લોટોનું કુલ્લે સુમારે ક્ષેત્રફળ **૨૬૦૯.૭૫ સ.ચો.વાર યાને ૨૧૮૨ સ.ચો.મી.** થાય છે તે ખુલ્લા પ્લોટોવાળી મિલકતો તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હક્કો સહિતની મિલકતો અંગે સદર હાઉસીંગ સોસાયટીના તા.૧૯/૧૦/૨૦૧૭ ના રોજ મળેલ સામાન્ય સભાના ઠરાવ નં.૬ થી વેચાણ અંગેની કાયદેસરની કાર્યવાહી કરવા નિમણુંક કરેલ કાયદેસરના હોદ્દેદાર વિપુલભાઈ બચુભાઈ ગોંડલીયાએ સદરહુ મિલકતો અંગે વેચાણ દસ્તાવેજને લગતી આનુષાંગિક કાર્યવાહીઓ કરવા અંગેનો હક્ક અને અધિકાર હોવાનું જણાવી હમો કને સદર ખુલ્લા પ્લોટોવાળી મિલકતોના ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. જેથી સદરહુ મિલકતોમાં જે કોઈ વ્યક્તિ યા સંસ્થાનો અથવા કોઈ ત્રાહીત ઈસમનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, દરદાવો યા અન્ય કોઈપણ પ્રકારના હક્ક, હિત હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિન-૭** માં લેખિત પુરાવા સહિત હમોને જાણ કરવી. સદર મુદત વિત્યે કોઈના કોઈપણ પ્રકારના હક્ક, હિત, હિસ્સા, લાગભાગ યા દરદાવો કે અન્ય કોઈપણ પ્રકારના હક્ક, હિત નથી અને હોય તો તે છોડી દીધા યાને વેવ કર્યા છે તેમ ગણી સદરહુ મિલકતોના ટાઈટલ માર્કેટેબલ, લોનેબલ અને ચોખ્ખે-ચોખ્ખા છે તેમ માની હમો ઉપરોક્ત મિલકતો અંગે ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપીશું. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર ધ્યાને લેવાશે નહીં. જેની જાહેર જનતાએ તથા લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

ઓફીસ : ૨૦૧, "શિવમ", પાલીયા સ્ટ્રીટ, નાનપુરા, સુરત-૩૯૫૦૦૧. મો.૯૮૭૯૫૦૦૦૨૯

ચિરાગ એ. ગજીવાલા
એડવોકેટ

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ ટચૂકડી

મંગળવાર, શુક્રવાર, રવિવાર

હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો

: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

વ્યવસાયીક ધંધાકીય

કબૂતર, મચ્છર જાળી
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

ઘરબેઠા તાત્કાલિક
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184.

વુલન સ્વેટર,
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

CM PEST CONTROL
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

PRESIDENT PEST CONTROL
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

નવકાર વોટર પ્રુફિંગ
25માં વર્ષમાં મંગળ પ્રવેશ જૂના અને જાણીતા લીકેજ ધાબા, ટાવર એપાર્ટમેન્ટ બહારની દીવાલનું ક્રેક ફીલિંગ વગેરે કેમિકલ ટ્રીટમેન્ટ દ્વારા બંધ કરીશું ધીરૂભાઈ શાહ M. 7984650600 9898993303 (52)

લગ્ન વિષયક

કર્ણાવતી મેરેજ બ્યૂરો
તમારો બાયોડેટા આપી અમારુ મેરેજ ગૃપ વિનામૂલ્યે જોઈન્ટ કરો. ગૃપમાં સરનામું, નંબર અધુરા રહેશે. તમામ જ્ઞાતિના લોકલ, NRI પાત્રો આવકાર્ય. કાન્તિભાઈ વિકાણી (નિવૃત્ત બેંક મેનેજર) M- 9409057024

અમેરિકા રહેતી
36 વર્ષની એન્જીનીયર યુવતી માટે એજ્યુકેટેડ યુવક આવકાર્ય 9512318416

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

હિમાલયા હોલીડેઝ
(1) અમરનાથ યાત્રા Rs: 9999/= (2) અમરનાથ સાથે કાશ્મીર, ગુલમર્ગ, સોનમર્ગ, વૈષ્ણોદેવી Rs: 20999/= MO- 9825142005 /9427803273 (48)

દુકાનો વેચવાની છે
જોડકા દુકાન 430 + 430 સ્કે. ફીટની ગ્રાઉન્ડ ફલોર, માર્જીનની જગ્યાવાળી રાજહંસ એપલ પાસે, પાલનપોર રોડ ટચ, દુકાનો વ્યાજબી ભાવે વેચવાની છે. દલાલ માફ.
કો. 9586711209 9825121982

સ્વપ્ન ટ્રાવેલ્સ
૫૨ વર્ષમાં પ્રવેશ રેલ્વે 2X2 દ્વારા (1) ચારધામ યાત્રા, બદ્રીનાથ, કેદારનાથ, યમનોત્રી, ગંગોત્રી, હરિદ્વાર, તારીખ- 3/5, (8 સીટ બાકી) 26/05, દિવસ- 15. (2) અધિક માસમાં હરિદ્વાર, તારીખ- 22/5, દિવસ- 7. (રેલ્વે બુકીંગ 60 દિવસ પહેલા થાય છે) દરેક પ્રવાસો સંપૂર્ણ સગવડતા સહિત, મળો- દિપકભાઈ બોડીવાલા, યોગીકોમ્પલેક્ષ, મહેન્દ્ર કેરીવાલાની બાજુમાં, ન્યુરાંદેરરોડ, સુરત.: 9825144143, 9898700934, 9712882315

ઓમશિવ ટ્રાવેલ્સ
અધિકમાસમાં 15, 27 મેં (હરિદ્વાર, મથુરા, વૃંદાવન, બરસાણા, પુષ્કર) (બનારસ, અયોધ્યા, પ્રયાગરાજ, ચિત્રકુટ) દર બુધવારે રાત્રે, દ્વારકા, સોમનાથ, વિરપુર, ચોટીલા, સારંગપુર. દર ગુરૂવારે રાત્રે, (ઉજ્જૈન, ઓમકારેશ્વર, શિહોર) (માઉન્ટઆબુ , અંબાજી) ખરવરશોરી, ભાગળ, સુરત.- 9537838949, 9327199997

ડાકોર, પાવાગઢ,
શામળાજી, અંબાજી, ચોટીલા, ઉજ્જૈન, ઓમકારેશ્વર, દ્વારકા, સોમનાથ, શ્રીનાથજી, ખાટુશ્યામ, શિરડી, સપ્તશ્રૃંગી. મહાદેવ ટુર એન્ડ ટ્રાવેલ્સ. 7802062340, 8238872861 (53)

ઈન્ડસ્ટ્રીયલ પ્રોપર્ટી વેચવાની છે
માસમા ઓલપાડ હાઈવે - વડોદ કિરણ હોસ્પીટલ લાગુ કેનાલ રોડ,
સાઈઝ 32 x 90 G + 2 માળ 9000 સ્કવેરફુટ બાંધકામ,
દસ્તાવેજ પ્લાનપાસ લોન થાય એવું તથા નવુ બાંધકામ લુમ્સ મશીન કે દરેક ધંધાને અનુકુળ
ચેતનભાઈ 9724338288

વ્યવસાયીક ક્લાસીસ

બાળકો, મહિલાઓ
યુવાનો ફડફડાટ અંગ્રેજી બોલતા શીખો 9173056787 તૃપ્તિ સ્પોકન ઈંગ્લિશ ક્લાસિસ (51)

નોકરી વિષયક

જોઈએ છે
કાપડ ના શોરૂમ માટે સેલ્સમેન તેમજ હેલ્પર રૂબરૂ મળોઃ સોનલ ટેક્ષટોરીયમ, પ્રતાપ પ્રેસ ગલી, ભાગાતળાવ મેઈન રોડ, સુરત. (42)

જોઈએ છે
હાઉસ વાયરીંગના જાણકાર વાયરમેન અડાજણ એરીયા માટે મો. 9825454806

ડેટા એન્ટ્રી કોલિંગ
માટે ગુજરાતી મહિલા પાર્ટટાઈમ પર્વત પાટિયામાં જોઈએ છે 9909919489

વર્ષ બચાવો. વર્ષ બચાવો
10th/ 12th (આર્ટસ, વાણિજ્ય, વિજ્ઞાન) નાપાસ વિદ્યાર્થી 45 દિવસમાં પાસ કરો. 8th, 9th નાપાસ સીધી 10th કરો. 11th નાપાસ સીધી 12th પાસ કરો. બિના TC (ટ્રાન્સફર સર્ટિફિકેટ) વગર 3rd, 5th અને 8th ધોરણ પાસ કરી શકાય. એસ્પાયર એજ્યુકેશન, ડુંભાળ, સુરત. 9724346581/ 7778025581 (50)

Graduate Female
Required For Textile Firm Time 11 am To 7 Pm. Pramukh Park, Udhna Pandesara Road- 8000990035

બંગલો વેચાણ/ ભાડે આપવાનો છે
મેઈન રોડ ટચ (કોર્નર) કોમર્શિયલ યોગ્ય શાળા, અને પીજી, રહેણાંક સાથે ગોડાઉન, હૉસ્પિટલ લાયક, અવધપુરી સોસાયટી, પાલ ગામ રોડ, સુરત
9662026950

જોઈએ છે
અનુભવી ટનૅર કમ વેલ્ડર ,ફિટર ,પાર્ટ ટાઈમ મીકેનીકલ ડિઝાઈનર કતારગામ GIDC . 9825304506 9825651072

અલથાણ ભટારરોડ
1- BHK ફ્લેટ સ્વસ્તિકપાર્ક વેચવાનો છે ફુલ ફર્નિચર પ્રથમમાળ, દલાલ આવકાર્ય મો. ૯૮૭૯૪૪૦૨૭૭

જોઈએ છે
રેડીમેઈડ તેમજ હેન્ડલુમનાં અનુભવી સેલ્સમેન, સેલ્સગર્લ, કોમ્પ્યુટર કેશ કાઉન્ટર માટે, વિજય ગારમેન્ટ, રામનગર, રાંદેર રોડ, સુરત, 9374724147

જોઈએ છે.
સ્કૂલબસ માટે ડ્રાઈવર-4, કંડકટર-3. ધન્વંતરિ કેમ્પસ- કિમ 9924204827

મિલ્કત વેચવાની છે

વેચવાનું છે,
શાળાની બેન્ચો, પંખાઓ, ઓફિસ ફર્નિચર, લાકડાના પાર્ટીસનો 9727211122

93 વારનો પ્લોટ
વેચવાનો છે. નવી સોસાયટી. બાગબાન સર્કલ પાસે ગૌરવપથરોડ, પાલ. 8758404225

3/ 4 BHK ફ્લેટ
વેચવાનો છે. પાલ. 9909601200

સસ્તા ભાવે રોહાઉસ
વેચવાનું છે. અડાજણ. 9909601200

પ્લોટ વેચાણથી
આપવાનો છે. પાલ 9909601200

ભટાર રોડ
2 BHK ફ્લેટ વેચવાનો છે 9825088402, 9825919637

2900 વારનો.
ફાર્મહાઉસ લાયક પ્લોટ વેચવાનો વાંઝણા ગામ, રોડ ટચ, ચીખલી પાસે, (43.LK) 9767318010, 9374718010

સુમુલ ડેરી રોડ
ટચ લક્ષરિયસ ફુલ હવાઉજાસવાળો ફ્લેટ તાત્કાલિક વેચવાનો છે. 9727792086

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.